રાહદારીઓને ભારે આપદા ભોગવવાનો વારો આવ્યો

# સાવલી સાંકરદાનો રોડ ટૂંકા ગાળામાં જ ખખડધજ બન્યો

(પ્રતિનિધઇ) સાવલી તા.22

સાવલી સાકરદા 84 કરોડ ના ખર્ચે બનેલ રોડ ટૂંકા ગાળામાં જ ખખડધજ થઈ જતા વાહનચાલકો ને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે તેવામાં ભાદરવા પાસે રસ્તાની વચ્ચે ડમ્પર ફસાતા રોડ ની નબળી કામગીરી નો ઉત્તમ દાખલો સામે આવ્યો છે





સાવલી સાંકરદા રોડ જ્યાર થી બન્યો ત્યારનો વિવાદ નું કેન્દ્ર બનેલ છે અને રોડ ની હલકી ગુણવત્તા મુદ્દે ઉચ્ચસ્તરે રજૂઆતો પણ થઈ છે પરંતુ પરિણામ શૂન્ય છે સાવલી થી સાંકરદા રોડ 84 કરોડથી વધુના માતબર ખર્ચે બનેલો છે પરંતુ રોડની ગુણવત્તા સામે સવાલો વારંવાર સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યા છે અને ભૂતકાળમાં મુખ્યમંત્રી સુધી લેખિત રજૂઆતો થઈ છે તેવામાં આજરોજ બપોરના સમયે રોડની વચ્ચોવચ પડેલા મસ્મોટા ખાડામાં ડમ્પર ફસાઈ ગયું હતું તેના પગલે

આ રોડની ખખડધજ હાલત ફરી ચર્ચાનો વિષય બન્યો છે ભાદરવા ગામ પાસે રસ્તાની વચ્ચે જ ડમ્પર ફસાઈ જતાં ટ્રાફિકને અસર થઈ હતી. આ ઘટનાને પગલે કરોડોના ખર્ચે બનેલા માર્ગની ગુણવત્તા અને કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

મળતી વિગતો મુજબ, 84 કરોડથી વધુના ખર્ચે બનેલો સાવલી સાકરદા રોડ ટૂંકા ગાળામાં જ બિસ્માર હાલતમાં આવી ગયો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. રસ્તાની હાલતને કારણે વાહનચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હાલ આ રોડ સાવલી થી રહીને સાકરદા સુધી ઠેર ઠેર બેસી ગયો છે અને ભારે ઉબડખાબડ બની ગયો છે તેના પગલે રાહદારીઓને ભારે આપદા ભોગવવાનો વારો આવ્યો છે ભાદરવા ગામના પાદરે રોડની વચ્ચોવચ ડમ્પર ફસાઈ જતાં માર્ગની સ્થિતિ ફરી ચર્ચામાં આવી છે.

નોંધનીય છે કે ભૂતકાળમાં પણ આ માર્ગની કામગીરીને લઈને મુખ્યમંત્રી સહિત સંબંધિત તંત્ર સમક્ષ લેખિત રજૂઆતો કરવામાં આવી હતી અને ભ્રષ્ટાચારના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. હવે સવાલ એ ઊભો થાય છે કે કરોડોના ખર્ચે બનેલા આ માર્ગની આવી સ્થિતિ માટે જવાબદાર કોણ? શું માર્ગની ગુણવત્તાની યોગ્ય તપાસ કરવામાં આવશે? તેવા વેધક સવાલો ઉભા થયા છે આ બાબતે સ્થાનિક અગ્રણી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે આ રોડ બન્યો ત્યારથી જ ભારે ભ્રષ્ટાચાર થયો છે અને આ બાબતે મુખ્યમંત્રી જિલ્લા કલેકટર સુધી મેં લેખિત રજૂઆત કરી છે.

ઓપરેશન પરાક્રમ સફળતાપૂર્વક પાર

# રણજિતનગરમાંથી ચોરાયેલી બાઈક સહિત આરોપી ઝબ્બે

(પ્રતિનિધિ) સાવલી તા.22

વડોદરા ગ્રામ્ય જિલ્લાના ભાદરવા પોલીસને મોટરસાઈકલ ચોરીના અનડિટેક્ટ ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. પોલીસે સાવલી તાલુકાના રણજીતનગર વિસ્તારમાં રહેતા 20 વર્ષીય પિયુષભાઈ ગોપાલભાઈ ભોઈને ઝડપી પાડી તેની પાસેથી અંદાજે રૂ. 70 હજારની કિંમતની હીરો એચએફ ડિલક્સ મોટરસાઈકલ કબજે કરી છે. મળતી માહિતી મુજબ, વડોદરા ગ્રામ્ય જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓને અટકાવવા અને વણઉકેલાયેલા ગુનાઓનો ભેદ ઉકેલવા પોલીસ દ્વારા ઓપરેશન પરાક્રમ અંતર્ગત કાર્યવાહી



હાથ ધરવામાં આવી રહી છે. આ દરમિયાન ભાદરવા પોલીસ સ્ટેશનનો સ્ટાફ રાજનગર ચોકડી પાસે પેટ્રોલિંગમાં હતો. તે સમયે સાવલી તરફથી મોટરસાઈકલ લઈને આવતા એક શખ્સને પોલીસે રોક્યો હતો. વાહનના દસ્તાવેજો અંગે પૂછપરછ કરતાં શંકા ઉપસ્થિત થતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

પોલીસે ત્રણ ઇસમોને સ્થળ પરથી જ ઝડપી પાડ્યા

# અલ્હાદપુરા નર્મદા કેનાલ પાસે રૂ. ૪.૮૦ લાખનો દારૂ સહિતનો મુદ્દામાલ ઝડપાયો

(પ્રતિનિધિ) બોડેલી તા.22

અલ્હાદપુરા નર્મદા કેનાલ પાસે વાહન ચેકિંગ દરમિયાન ત્રણ ઈસમો ઝડપાયા, 1,488 બોટલ દારૂ અને ત્રણ મોપેડ સહિતનો મુદ્દામાલ કબજે બોડેલીઃ છોટાઉદેપુર જિલ્લા પોલીસ દ્વારા પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, ત્યારે બોડેલી પોલીસને ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં સફળતા મળી છે. અલ્હાદપુરા નર્મદા કેનાલ પાસે વાહન ચેકિંગ દરમિયાન ત્રણ એક્સેસ મોપેડ પર દારૂ લઈ જતા ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે દારૂ, ત્રણ મોપેડ અને ત્રણ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 4,80,072નો મુદ્દામાલ કબજે કર્યો છે. બોડેલી પોલીસ ઈન્સ્પેક્ટર પી.એસ. બરંડાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.આર. પ્રજાપતિ અને પોલીસ સ્ટાફ બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન અલ્હાદપુરા નર્મદા કેનાલ પાસે વાહન ચેકિંગ હાથ



ધરતાં ત્રણ ઈસમો ત્રણ એક્સેસ મોપેડ પર આગળના ભાગે કાળા કપડામાં વિદેશી દારૂની ખાખી પૂંઠાની પેટીઓ લઈ જતા મળી આવ્યા હતા. પોલીસે તેમને ઝડપી પાડી દારૂનો જથ્થો કબજે કર્યો હતો. પોલીસે ભારતીય બનાવટની વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની બોટલો અને બીયરના ટીન સહિત કુલ રૂ. 3,45,072ની કિંમતનો દારૂ કબજે કર્યો હતો. આ ઉપરાંત રૂ. 1,20,000ની કિંમતનાં ત્રણ એક્સેસ મોપેડ અને રૂ. 15,000ની કિંમતના ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ. 4,80,072નો મુદ્દામાલ કબજે કરી આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વઢવાણા ગામે ત્રણ વર્ષથી ૨૪ કલાક સ્ટ્રીટ લાઈટો ચાલુ

(પ્રતિનિધિ) ડભોઈ તા.22

ડભોઈ તાલુકાના વઢવાણા ગામે પાછલા ત્રણ વર્ષ ઉપરાંત ના સમય થી ગામ ની સ્ટ્રીટ લાઈટો રાત દિવસ 24 કલાક ચાલુ જ રહે છે. સરકારી લાઈટો ચાલુ રહેતી હોય ગ્રામ પંચાયત નો વહીવટ કરનારા કે ગામ ના કોઈ પણ જાગૃત નાગરિકે પંચાયત નો કાન આંબળવાની હીંમત કરી નથી.રાજ્ય ભરમાં વીજ કટોકટી ની પરિસ્થિતિ વચ્ચે વઢવાણા ની આળસુ અને બેદરકાર પંચાયત નો નમૂનેદાર વહીવટ સામે આવતા ચર્ચાની ચગડોળે ચડ્યું છે. રાજ્ય ભરની વીજ એજન્સીઓ જેમાં ઉત્તર,પૂર્વ,પશ્ચિમ, દક્ષિણ અને મધ્ય ગુજરાત એ પાંચેય વિભાગ ના અધિકારીઓ એ રવિવારે ઔદ્યોગિક એકમો ને થ્રીફેજ કનેક્શન નહીં ચલાવવા કડક આદેશ પણ આપી દીધો હોવાનું જાણવા મળેલ છે.જ્યારે રાજ્ય ના મુખ્યમંત્રી એ કોલસો પૂરો પાડી ને પણ વીજ પુરવઠો યથાવત રાખવાની જાહેરાત કરી લોકોને દિલાસો આપવાની ફરજ પડી છે.ત્યારે આવી વીજ કટોકટીના સમયે પણ સરકારી સ્ટ્રીટ લાઈટો ના વીજ વપરાશના બિલ ગામ લોકો પાસે થી લાઈટ વેરા સ્વરૂપ માં વસુલ કરતા વઢવાણા ગામ ના આળસુ અને બેદરકાર તલાટી ને ત્રણ વર્ષ ઉપરાંત થી રાત દિવસ 24 કલાક વ્યર્થ રીતે ચાલુ રહેતી સ્ટ્રીટ લાઈટો ની ખબર જ ના પડી કે પછી પગાર થી મતલબ રાખી સરકારી દીવાનું તેલ બળતું હોય તેમાં આપણે શું...? તેવી ઈર્ષાળુ નીતિ રાખી ચલાવે રાખ્યું હોય તેમ અત્યાર સુધી ચાલી આવ્યું છે.જેથી ગામ ના જાગૃત નાગરિકો માં આશ્ચર્ય સાથે છૂપો રોષ વ્યાપી જવા પામ્યો છે.

ઓનલાઇન કામગીરી એકાએક બંધ કરી દેતાં અરજદારો અટવાયા

# છોટાઉદેપુરના વન કર્મચારીઓ પડતર પ્રશ્નોને લઈને હડતાળ પર ઉતરી ગયા

(પ્રતિનિધિ) બોડેલી તા.22

ગુજરાત રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળના આંદોલનનાં ભાગરૂપે આજ રોજ છોટાઉદેપુર જિલ્લા વનરક્ષક કર્મચારી મંડળે છોટાઉદેપુર DCFને આવેદન પાઠવ્યું હતું.

વનકર્મીઓની મુખ્ય મંગાણીઓમાં જોખમી ફરજની સામે રિસ્ક એલાઉન્સ અથવા જાહેર સુરક્ષા ભથ્થું આપવું. રજા પગારની બેઝિક+ ડીએ+સીએલ એ ભથ્થા મુજબ ચૂકવવું અને ૪૮ રજાની મર્યાદાની જગ્યાએ જેટલા દિવસ ફરજ બજાવમાં આવે તેટલા દિવસનો રજા પગાર ચૂકવોવનપાલ અને રેન્જ ફોરેસ્ટ



ઓફિસરની કરકસરની નીતિમાં બંધ થયેલ જગ્યાઓ પુનઃ શરૂ કરી વનપાલ અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર માટેનું મહેકમ વધારી રેશિયો સુધારવો.વનપાલની સીધી ભરતી બંધ કરવી. વનરક્ષક કર્મીઓને પોતાના કરતા નાનાકર્મીઓ કરતા ઓછા મળતા ગ્રેડ પે માં સુધારો કરી વિસંગતતા દૂર કરવી. સહિતની માગણીઓ મૂકી હતી. તા.23/10/2026 ના રોજ તમામ ઓનલાઈન કામગીરી બંધ કરી વ્હોટસએપ ગ્રુપમાંથી left થઈ જશે. હવે તા 26/10/2026 પેનડાઉન. અને તા 27/10/2026 થી માસ સી એલ. તેમજ તા.28/10/2026 થી અનિશ્ચિત કાળની હડતાલ ઉપર ઉતરશે.

# સંખેડા તાલુકામાં શાકભાજીની વાવણીની તૈયારીઓ શરૂ

(પ્રતિનિધિ) સંખેડા તા.22

સંખેડા પંથકમાં ખેતીની પ્રવૃતિઓ તેજ બની છે. સંખેડા તાલુકામાંથી પસાર થતી ઓરસંગ, ઉચ્છ અને હેરણ નદીના પટમાં તરબૂચ, શક્કરટેટી તેમજ વિવિધ શાકભાજીની વાવણી માટેની તૈયારીઓ ખેડૂતોએ આરંભી દીધી છે. હાલમાં નદીના પટમાં ખેડૂતો દ્વારા વાવણી માટે ક્યારા ખોદવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સંખેડા અને બહાદરપુરમાં વસતા ભોઈ સમાજના ખેડૂતો પરંપરાગત રીતે આ ખેતી કરે છે. સંખેડા માત્ર ઓરસંગ નદીના પટમાં થતા તરબૂચ અને ટેટીની મીઠાશ અનેરી હોય છે અને તેની સમગ્ર રાજ્યમાં માંગ રહે છે. પ્રાપ્ત માહિતી મુજબ, છેલ્લા કેટલાક વર્ષોથી માત્ર ઓરસંગ નદીમાં જ નહીં, પરંતુ ઉચ્છ અને હેરણ નદીના પટમાં પણ મોટા પાયે તરબૂચ, શક્કરટેટી અને અન્ય શાકભાજીની વાવણી કરવામાં આવે છે. નદીના પટની ફળદ્રુપ માટીમાં આ પાકનું ઉત્પાદન સારું મળતું હોવાથી ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રસ્તા પર દારૂની રેલમછેલ ,ઘટનાસ્થળે લોકટોળાં ઉમટ્યાં

# બોડેલી-રાજપીપળા હાઈવે પર દારૂ ભરેલી કારનો ટ્રક સાથે અકસ્માત

(પ્રતિનિધિ) બોડેલી તા.22

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના વણિયાદ્રિ ગામ પાસે બોડેલી-રાજપીપળા હાઈવે પર નર્મદા કેનાલ નજીક દારૂ ભરેલી કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ કાર કેનાલ પર લટકેલી હાલતમાં જોવા મળતાં ઘટનાસ્થળે લોકોનાં ટોળાં ઉમટી પડ્યાં હતાં. અકસ્મતમાં કારમાં ભરેલા વિદેશી દારૂના ડબ્બા તૂટી જતાં હાઈવે પર દારૂ રેલાઈ ગયો હતો. પ્રાથમિક માહિતી મુજબ, કારમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરેલો હતો. દરમિયાન કારચાલકે વાહન પરથી કાબૂ ગુમાવતાં ટ્રક સાથે અકસ્માત સર્જાયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ અકસ્માતમાં કારચાલકને ઈજાઓ પહોંચતાં તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. કાર કેનાલ પર લટકેલી હાલતમાં જોવા મળતાં લોકોમાં કુતૂહલ સાથે ચિંતા જોવા મળી હતી. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. કારમાં ભરેલો વિદેશી દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો, ક્યાં લઈ જવામાં આવી રહ્યો હતો તેમજ દારૂના જથ્થા અંગેની વિગતો પોલીસ તપાસ બાદ બહાર આવે તેવી શક્યતા છે.

# આંકડિયાપુરા રોડની કામગીરી હલકીકક્ષાની હોવાની આશંકા

**ધારાસભ્યે** સેમ્પલિંગ લેવડાવ્યા

(પ્રતિનિધિ) વાઘોડિયા તા.22

પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા ત્રણ કિમી નો માર્ગ 3 કરોડ રૂપિયાના ખર્ચે થોડા દિવસો પહેલા સિદ્ધિ ઈન્ડસ્ટ્રીઝમાં ખેડૂતો અને ગ્રામીણ જનતા માટે કોન્ટ્રાક્ટરે નિર્માણ કર્યો હતો.રોડ નું ખાતમુર્હુત બાદ લોકાર્પણ થાય તે પહેલા વાઘોડિયા જીઆઈડીસી થી આંકડિયા પુરા તરફ જતો આ માર્ગ ગુણવત્તા વિહીન કામગીરી હોવાની રજુવાત નગર પાલિકા



પ્રમુખ અને કોર્પોરેટરોએ આક્ષેપ સાથે ધારાસભ્ય ધર્મેન્દ્ર સિંહ વાઘેલાને ફરિયાદ કરી હતી.માર્ગ મકાન વિભાગના અધિકારીઓ સાથે ધર્મેન્દ્ર સિંહ વાઘેલાની નગરપાલિકા અને હોદ્દેદારોની ટીમ સ્થળ નિરીક્ષણ કરતા કામગીરી ની ગુણવત્તા સામે શંકા ઉભી થઈ હતી.રોડની થિકનેસ કેટલીક જગ્યાએ ઓછી જણાતા તાત્કાલિક ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ તપાસ હાથ ધરી હતી.રોડ પર વિવિધ જગ્યાએ થી સેમ્પલો લઈ ચકાસણી અર્થે લેબ ટેસ્ટિંગમાં મોકલવામાં આવ્યા હતા.જો સેમ્પલ ફેલ જશે તો કોન્ટ્રાકટર ને બ્લેક લિસ્ટ કરી જરૂરી કાર્યવાહી કરવા ધારાસભ્યએ ચીમકી ઉચ્ચારી હતી.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

જોઈએ છે
150 થી 300 ફુટનું ઓફિસ કન્ટેઈનર વેચાણથી
MO. 91515 97171

મૂંઝવણ આપની ઉપાય અમારા
હસ્તરેખા, જન્માક્ષર
બનાવવા, જોવડાવવા, જમીન-મકાન, પ્લોટ ગુણ દોષ, વાસ્તુશાંતિ યજ્ઞ, દેવપ્રતિષ્ઠા, ઘર કંકાસ, કોઈનું કરેલું સગાઈ- લગ્નમાં રૂકાવટ. આપને મુંઝવતા કોઈપણ પ્રશ્નો માટે
પ્રખ્યાત કથાકાર - જ્યોતિષાચાર્ય
શાસ્ત્રીશ્રી રાજુભાઈ પંડયા
ગીર તાતણિયા, હાલ કતારગામ, સુરત.
98250 99475

ઓમશિવ ટ્રાવેલ્સ
બેસતુવર્ષ (તિરૂપતિ બાલાજી, રામેશ્વરમ, શ્રીશૈલમ, કન્યાકુમારી, મૈસુર) (કચ્છ, માંડવી, સફેદરણ, માતાનોમઢ, કોટેશ્વર, મોગલધામ) (ઉદેપુર, જયપુર, ચિતૌડગઢ, ખાટુશ્યામ, શ્રીનાથજી, માઉન્ટઆબુ) (હરિદ્વાર, ગોકુલ, મથુરા, વૃંદાવન, બરસાણા) (જોધપુર, જેસલમેર, જુનારણુજા) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

જગ્યા ભાડે આપવાની છે
નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 Sqft., પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય.
સંપર્ક : 9898041152 8866360199

જગ્યા વેચવાની છે
રૂઘનાથપુરા વરાછા શેરીમાં કોમર્શિયલ,
રેસીડેન્સીયલ, હોસ્પીટલ ડાયમંડ ફેકટરી, જરીકામ પ્રોજેકટ કરવા લાયક, સુરત.
Call: 99740 05691 93768 26037

પુરૂષાર્થ
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

જમીન વેચવાની છે
ગામ:-કમલાપોર, તાઃડોલવણ, જિ. તાપી
સોલાર લાયક 66 KV નજીક
15.5 વિંઘા જુની શરત
નહેરની બાજુમાં ખેતી માટે ઉત્તમ
મો:9725710000

વેચવાનું છે
બંધ રેસ્ટોરન્ટનું સંપૂર્ણ કિચન ઈકિવપમેન્ટ અને ફર્નિચર, રેસ્ટોરન્ટ લાઈક સંપૂર્ણ સેટ અપ વેચાણથી આપવાનું છે. પીપલોદ, સુરત. સંપર્ક :- 9825630561 (377)

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિઘા) ગામઃ કાળા વ્યારા, કણજા 9687580001

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

ચોખ્ખું ઘી મળશે-
ગીર ગાયનું 9898170075, 9727293311

ઘારી, ઘારી, ઘારી
પ્રખ્યાત કેસર બદામ પીસ્તા ઘારી અન્નક્ષેત્રના લાભાર્થે ભાવ રૂ. ૮૨૦ પ્રતિ કિ.ગ્રા અગાઉથી બુકિંગ કરાવો Mo. 9773166510 (372)

શ્રી ખોડિયાર કૃપા
ફાઈનાન્સ MSME બિઝનેસ લોન ઈન્ડસ્ટ્રીયલ,ફેકટરી, ટેક્સટાઈલ, ગારમેન્ટ મેન્યુ. હોલસેલ રિટેલર, ડાયમંડ મેન્યુ ટ્રેડર્સ મોર્ગેજ લોન ફ્લેટ, બંગલા, ઓપન NA પ્લોટ, એગ્રીકલ્ચર જમીન બિઝનેસ લોન સિક્યોર/ અન સિક્યોર (સીબીલ નો પ્રોબ્લેમ) (એજન્ટ આવકાર્ય) Call; 9825193679 અડાજણ. (364)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રીનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

જુનો સામાન લેવામાં
આવશે. AC, ફ્રીજ, વોશિંગ મશીન, ગ્રીલ, લોખંડ, ઘરઘંટી, સાયકલ તથા જુના 2 વ્હીલર લેવામાં આવશે. સંપર્ક કરો. Mo. 9316100413

જુના AC લેવામાં
આવશે. ચાલુ કે બંધ હાલતમાં, જુના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. Mo. 9316100413

હિંચકાના કડાંવાલા
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

કશ્મી ટુરીઝમ
ભાઈબીજે વૈષ્ણોદેવી કાશ્મીર, અમૃતસર પુષ્કર (દિવસ 12) 6352474903

સાગર 9427113317,
ગોવા, મહાબળેશ્વર, ભાઈબીજ મહાબળેશ્વર, લોનાવાલા, ત્રણ દિવસ, ૬૦૦૧/-

પ્રથમ ટ્રાવેલર્સ.
દિવાળી પ્રવાસ. રોયલ રાજસ્થાન, ખાટુશ્યામ, સાંવરિયાશેઠ, સાલાસર, બાલાજી, જેસલમેર, ગોવા,મહાબળેશ્વર. વિજય પારેખ, કતારગામ. 9825344459.

રોશનીશિવ ટ્રાવેલ્સ,
(1) તારીખ- 11/11, હરિદ્વાર, મથુરા, શ્રીનાથજી, જયપુર, અંબાજી. દિવસ- 12, (2) તારીખ- 10/11, ઉજ્જૈન, ઓમકારેશ્વર. દિવસ-3, (3) તારીખ- 11/11, ઉદેપુર, જયપુર, ખાટુશ્યામ, સાવરીયાશેઠ, ચિત્તૌડગઢ, અંબાજી. દિવસ-7 (4) તારીખ- 11/11, જોધપુર, જેસલમેર, રામદેવડા. બિકાનેર. દિવસ- 6. 9427478966, 9978678966

નોકરી વિષયક

જોઈએ છે
ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અનુદાનિત શ્રી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંસ્થામાં ટી.આઈ પ્રોજેક્ટ માટે સ્ટાફના ફિક્સ પગારથી ઈન્ટરવ્યૂ રાખેલ છે. પોસ્ટઃ આઉટ રીચ વર્કર (1) લાયકાતઃ 12 પાસ અથવા સ્નાતક વેતન 10500/- TA 1500/- ઈન્ટરવ્યૂ તારીખ - 28/10/2026 સમય 11 થી 1 ઈન્ટરવ્યૂ સ્થળ - શ્રી રામકૃષ્ણ ચેરિટેબલ ટ્રસ્ટ, C/o. વી. એન. ગોધાણી સ્કૂલ, કતારગામ ,સુરત (મો.નં 79845 94100) (375)

ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ
માટે લેડી રિસેપ્સનિસ્ટ, સેન્ટર હેડ જોઈએ છે, 9824144698

જોઈએ છે
1) ઓફિસમાં સફાઈ કામ માટે જેન્સ/ લેડિઝ (હાઉસકીપિંગ) પાર્ટ ટાઈમ/ ફુલ ટાઈમ અમીઝારા શોપિંગ કોમ્પ્લેક્સ અઠવાઈલાઈન 9825338389

મિલ્કત વેચવાની છે

Weekend Studio flat
Rajhans Belleza Dumas For Sale Mb 9327166652

અડાજણ T.P 10
માં 1890 સ્કેફિટનો ફ્લેટ વેચવાનો. 9601662923

Rajhans texpa
Baleshwar Industrial Plot For sale 1280 yard. Mb 9327166662

વેચવાનો છે.
3 BHK ફ્લેટ. 1725 sq.ft. શિખર હાઈટ્સ સોસાયટી, ભીમરાડ કેનાલ રોડ. +91-7096985413, +91-8320029326

પ્લોટ બંગલો
જમીન ફ્લેટ પિપલોદ વેસુ અડાજણ રિંગરોડ ભટાર નાનપુરા ડુમસ સિટિલાઈટ પાર્લે ઘોડદોડ અલથાણ 9227904488 (376)

ભેસાણ બરબોધન
રોડટચ સોસાયટીમાં 98-વારનો પ્લોટ 32 લાખમાં વેચવાનો 9537677005

સ્વાતી સોસાયટી
(ચીકુવાડી) વરાછા પ્લોટ વેચવાનો છે. 270 થી 300 વાર. 9687580001

2.15 વિંઘા ઈન્ડસ્ટ્રીયલ
Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ. Mo. 9687580001

NA Plan Pass
12 વિંઘા જમીન વેચવાની છે. ગામઃ પંડવાઈ (કોસંબા) 9687580001

લગ્ન વિષયક

લંડન રહેતી 28 વર્ષની
દેસાઈ યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.